EDII

Divya Bhaskar

October 8, 2019
Page No. 4

# 1500 મહિલાઓને કચરાના ઉપયોગની માહિતી અપાશે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન અને તાલીમની રાષ્ટ્રીય સ્તરની અગ્રણી સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈ) એ અમદાવાદ અને ગાંધીનગરના 10 ગામોની 100 મહિલાઓ માટે ગ્રામીણ કચરાના ઉપયોગ પર પ્રથમ જાગૃતિ કાર્યક્રમ યોજાશે. 27મી ઓક્ટોબર પહેલા આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત આ સંસ્થા રાજ્ય સરકારના ગ્રામીણ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપની દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં 1500 મહિલામાં જાગૃતિ ફેલાવશે. આ પહેલ હેઠળ મહિલાઓની કચેરી અલગ કરવી અને ગ્રામીણ સ્તરે ઘન કચરાના વ્યવસ્થાપન માટે તેના રિસાઈક્લિંગ વિશે જાણકારી અપાશે. કચરામાંથી સંપત્તિનું સર્જન કરવાનોનો ઉદ્દેશ છે.